# ફોર્ચ્યુન માટે નવી ઝુંબેશ હાથ ધરતી અદાણી વિલ્મર



અમદાવાદ, બુધવાર

અદાણી વિલ્મરની ફ્લેગશીપ બ્રાન્ડ ફોર્ચ્યુને તદ્દન નવી ટેલિવિઝન પ્રચાર ઝૂંબેશ - હર માં કે દિલ મે હાથ ધરી છે. ઘરમાં રાંધેલું ભોજન જમવા કરતાં બીજો મોટો કોઈ આનંદ નથી તેવી વિચારધારાને અનુસરીને બ્રાન્ડ ફોર્ચ્યુને પરિવારમાં સાથે મળીને ભોજન જમવાની ભાવનાની આસપાસ પ્રચાર ઝૂંબેશ શરૂ કરી છે. હર માં કે દિલમેં ટીવી વિજ્ઞાપન ફોર્ચ્યુનની માર્કેટીંગ ટીમે ઓગીલવી એન્ડ મેથર સાથે મળીને વિકસાવી છે. જે માતાના રાંધેલા અજોડ ખોરાક અને બાળકને પોષક આહાર પૂરો પાડવા માતા શું કરી શકે તે વિચારને આગળ ધપાવ્યો છે.

આ ટીવી વિજ્ઞાપન પરિવારમાં સાથે મળીને સુંદર ભોજન લેવાનો અભિગમની આસપાસ તૈયાર કરાયું છે. આ ફિલ્મમાં માતાની રસપ્રદ કથા આવરી લેવાઈ છે, જે જન્મ દિવસે ઘરે નહીં આવી શકનારા પુત્ર માટે તેના ઘરે રાંધેલું ભોજન લઈને જાય છે. ૧૯૫૦ના દાયકાના સદાબહાર ગાયક એસડી બર્મનની ટ્યુન આ વિજ્ઞાપનમાં પૂરક બની રહે છે. ખાદ્યતેલ ઉદ્યોગમાં પ્રથમવાર ૭૨ સેકન્ડનું ટીવી વિજ્ઞાપન તૈયાર કરાયું છે.